**કલોલ ખાતેની મજૂર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એ.પી.ડેર સમક્ષ,**

રીકવરી ૩૩ (સી)(૨) કેસનં. ૧૦/૨૦૧૮
આંક – ૧૩

અરજદાર : પરમાર વિજયકુમાર રમેશભાઈ
રોહીત વાસ, મુ. વીડજ, તા. કડી, જી. મહેસાણા
c/o અખિલ ગુજરાત કામદાર સેવા મંડળ,
૧૦, શકિત શોપીંગ સેન્ટર,
વેપારી જીન, કલોલ, જી. ગાંધીનગર

**વિરૂઘ્ધ**

સામાવાળા : કમલેશભાઈ ( કોન્ટ્રાકટર )
ફેનલ સીકયુરીટી એન્ડ એલાઈડ સીકયુટીરી સર્વીસ,
ગામ – મણુંદ, તા. પાટણ, જી. પાટણ

અરજદાર તરફે : વિદ્વાન પ્રતિનિધીશ્રી હીતેશ એમ. જોષી
સામાવાળા તરફે :– કોઈ નહી

**:: હુ ક મ ::**

(૧) અરજદારે હાલની રીકવરી અરજી, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૨) હેઠળ કરેલી છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળાની સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓને અકસ્માત થતાં કોઈ વળતર ચુકવી આપેલ નહી અને ત્યારબાદ અરજદારે સામાવાળા વિરૂઘ્ધ રેફરન્સ કેસ નં. ૧૯૯/૨૦૧૦ થી દાખલ કરેલ, જેમાં અરજદારની તરફેણમાં તા. ૭–૨–૨૦૧૮ ના રોજ હુકમ થયેલ. સદર હુકમનું સામાવાળાએ પાલન કરેલ નથી. જેથી અરજદાર સદર એવોર્ડ મુજબ પગારના ૧૦ % લેખે કુલ ૧૧ વર્ષના રૂા. ૩૩,૦૦૦/– તથા અરજી ખર્ચના રૂા. ૧,૦૦૦/– એમ કુલ મળી રૂા. ૩૪,૦૦૦/– ૧૮ ટકા વ્યાજ સહીત સામાવાળા પાસેથી મેળવવા હકકદાર હોવાનું જણાવી હાલની અરજી દાખલ કરેલ છે અને અરજી મુજબ દાદ માંગેલ છે.

(૨) આ કામમાં સામાવાળાને આંક – ૬ તથા આંક–૭ ની વિગતે રજી. એ. ડી. નોટીસ બજવા છતાં હાજર થયેલ નથી અને તેમનો જવાબ રજુ કરવાનો હકક આંક–૮ ના હુકમથી બંધ કરેલ છે.

(૩) અરજદારે હાલની અરજી સાથે રેફરન્સ કેસ નં. ૧૯૯/૨૦૧૦ ના એવોર્ડની નકલ તથા આંક – ૯ થી અરજદારનું સોગંદનામું રજુ કરેલ છે તથા આક – ૧૧ થી કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) હાલના કામે સામાવાળા તરફે કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી. સામાવાળાનો અરજદારની ઉલટ તપાસ કરવાનો તથા પુરાવા લેવાનો તથા રજુ કરવાનો હક બંધ કરેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે તેમના વિ. પ્રતિનિધિશ્રીએ અરજી મુજબ દલીલ કરી અરજદારની સામાવાળા પાસેથી કાયદેસરની લ્હેણી રકમ હોવાનું ઠરાવી આપવા માંગણી કરેલ છે.

(૬) સામાવાળા તરફે કોઈ હાજર નહીં રહેતા તેમનો દલીલનો હકક બંધ કરેલ છે.

(૭) આ કામે ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧) શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે તેઓ આઈ.ડી. એકટની કલમ–૩૩ (સી)(૨) હેઠળ સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની રકમ રેફરન્સ કેસના એવોર્ડ મુજબ બેકવેજીસ તરીકે મેળવવા હકકદાર થાય છે ?

૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧) અંશતઃ હકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

(૯) **મુદ્દાના નિર્ણયના કારણો** :

(૯.૧) અરજદારની અરજી, સોગંદ ઉપરની જુબાની, રેફરન્સ કેસ નં. ૧૯૯/૨૦૧૦ ના એવોર્ડની નકલ, પ્રતિનિધિશ્રીની રજુઆત તથા આઈ. ડી. એકટની આનુસંગીક જોગવાઈઓ વંચાણે લેતાં હાલના કામે અરજદારની તરફેણમાં અને સામાવાળાની વિરૂઘ્ધ એવોર્ડ થયાની હકીકત નિર્વિવાદ છે અને સદર રેફરન્સ કેસ નં. ૧૯૯/૨૦૧૦ નો હુકમ જોવામાં આવે તો તેમાં

અરજદારને પડેલા દિવસોના ૧૦ % પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપન કરવાનો હુકમ થયેલ. વધુમાં સામાવાળા તરફથી સદર એવોર્ડ વિરૂઘ્ધ કોઈ સ્ટે ઓર્ડર હોય કે અપીલ કરેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ અરજદાર તરફથી અરજીના સમર્થનમાં આંક–૯ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તેનું સામાવાળા તરફથી કોઈ રીતે ખંડન કરવામાં આવેલ ન હોય ત્યારે અરજદારે અરજીમાં જણાવ્યા મુજબ તેમને અરજી મુજબની બેકવેજીસની રકમ હજુ સુધી સામાવાળાએ ચુકવેલ નહી હોવાની હકીકત નહી માનવાને કોઈ કારણ નથી અને તેથી અરજદાર સદર એવોર્ડ પ્રમાણે સામાવાળા પાસેથી અરજી પ્રમાણે પગારના ૧૦ % લેખે ૧૧ વર્ષના માસીક રૂા. ૨૫૦૦/– કુલ રૂા. ૩૩,૦૦૦/– તથા ખર્ચના રૂા. ૧,૦૦૦/– મળી કુલ રૂા. ૩૪,૦૦૦/– મેળવવા હકકદાર થાય. તેમજ અરજદાર તરફે રેફરન્સ કેસ સામાવાળાની ગેરહાજરીમાં ચાલેલ હોવા છતાં ૨૦૧૦ ના રેફરન્સ કેસનો એવોર્ડ તા. ૭–૨–૨૦૧૮ ના રોજ થયેલ છે. આમ સદર કેસમાં ઢીલ થવાનું કારણ અરજદાર જ હતા તે સંજોગોમાં સદર બેકવેજીસની રકમ પર અરજદાર વ્યાજ મેળવવા હકકદાર રહેતા નથી અને તે રીતે મુદ્દા નં. ૧ નો નિર્ણય અંશતઃ હકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

૧) અરજદારની હાલની રીકવરી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨) આ કામના અરજદાર રેફરન્સ કેસ નં. ૧૯૯/૨૦૧૦ ના તા. ૭–૨–૨૦૧૮ ના હુકમ મુજબ સામાવાળા પાસેથી કુલ રકમ રૂા. ૩૪,૦૦૦/– ( અંકે રૂપિયા ચોત્રીસ હજાર પુરા) મેળવવા હકકદાર હોય સામાવાળા એ સદર રકમ હુકમની તારીખથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) કેસના સંજોગો ઘ્યાને લઈ ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કલોલ.
તારીખઃ ૨૦–૩–૨૦૨૧.

( અશ્વિનકુમાર પરબતભાઈ ડેર )
પ્રમુખ અધિકારી
મજુર અદાલત,કલોલ.
કોડ : જીજે૦૦૯૯૯